ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૧૮/૦૩/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
.........................................., ભાવનગર.

## 'Spectroscopy : Basic to Applications'
## લેકચરનું કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજન.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારની અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ક્રિએટીવ કેમેસ્ટ્રી કલબની શરૂઆત કરવામાં આવી છે. જેમાં કેમેસ્ટ્રી વિષયમાં રસ ધરાવનાર વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ તથા અન્ય વ્યકિતઓ જોડાઈ શકે છે. તેઓ આ કલબ અંતર્ગત થતી પ્રવૃતિઓમાં પણ ભાગ લઈ શકે છે.

૨૮ ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ચલાવવામાં આવતા ક્રિએટીવ કેમેસ્ટ્રી કલબ અંતર્ગત લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૨૦/૦૨/૨૦૧૬ થી તા.૨૦/૦૩/૨૦૧૬ આ એક મહિનાને વિજ્ઞાનની અનેકવિધ પ્રવૃતિઓ સાથે ઉજવવાની કામગીરી હાથ ધરેલ છે.

તેના અનુસંધાને તા. ૨૦/૦૩/૨૦૧૬ને રવીવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમીકલ્સ ઈન્સ્ટીટયુટ, ભાવનગર (**CSMCRI**)ના **ડાયરેકટર ડૉ. અમીતાવ દાસ** દ્વારા **'Spectroscopy : Basic to Applications'** વિષય પર ઓડીયો વિઝયુઅલ લેકચરનું આયોજન શિવશકિત હોલ, ક્રેસંટ સર્કલ, ભાવનગર ખાતે કરવામાં આવેલ છે. આ સાથે વિષય સંલગ્ન કેમેસ્ટ્રી પર આધારીત પ્રયોગોનું પ્રદર્શન – નિદર્શનનું ક્રિએટીવ કેમેસ્ટ્રી કલબના સભ્યો દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

ડૉ. અમીતાવ દાસ પોતાના વ્યાખ્યાનમાં સ્પેકટ્રોસ્કોપી શું છે? તેના પ્રકારો, તેમાં વપરાતા સાધનો તેની કાર્ય પધ્ધતિ અને રોજીંદા જીવનમાં આ વૈજ્ઞાનીક પધ્ધતિનો ઉપયોગ કઈ રીતે થાય છે. તે ઉપરાંત બજારોમાં ઉપલબ્ધ દવાઓ, રસાયણોના બંધારણની વાસ્તવીકતાં તપાસવા સ્પેકટ્રોસ્કોપીનો ઉપયોગ થાય છે. ઉપરોકત મહત્વના મુદ્દાઓ ઓડીયો વિઝયુઅલ લેકચર દ્વારા સમજાવવામાં આવશે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજાનાર **'Spectroscopy : Basic to Applications'** વિષય પરના વકતવ્યમાં રસ ધરાવનાર તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ તથા જાહેર જનતાને ભાગ લેવા માટે ભાવભર્યુ આમંત્રણ છે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.